બજેટની CPE હંમેશાથી થતી આવે છે. અમે બજેટ આવે પછી આઠ – દસ દિવસે કરીએ અને હું ક્યારેય બજેટની CPEમાં સ્પીકર રહ્યો નહોતો. હું કહેતો કે આ ઇવેન્ટ જલદી કરવી જોઈએ. મારાં પોતામાં પણ એટલી હિંમત ન હતી કે ચાલો, હું એકલો કરું, change ક્યાં આવ્યો? ૨૦૧૩માં ગાંધીધામ બ્રાંચમાં આપણે ભૂજ વાળા election લડયા અને જીતેન્દ્રભાઈ ગાંધીધામ બ્રાન્ચમાં હોદ્દેદાર બન્યા. જીતેન્દ્રનું કેવું હતું, કે એ કોઈ વસ્તુની ના તો કહે જ નહીં. એ વખતથી અમે dedicated subject નક્કી કરી નક્કી કરેલ subject પર CPE ની સીરીઝ કરવાનું શરુ કર્યું. હવે સર્વિસ ટેક્ષની seriesમાં એક speaker ખૂટતો હતો. series સ્ટાર્ટ કરી નાખી, એ વિચારથી- કે speaker શોધી લેશું. એટલે series ચાલુ થઇ, આસ્થામાં. અમે બધા બેંચ પર બેસતા. ત્યારે એક છોકરો આવ્યો પાછળ બેગ લઈને! અને CPE સાંભળતો હતો. પછી થયું કે student નથી એટલે મેં રેહાનને પૂછ્યું કે આ ભાઈ કોણ? તો કહે કે, એ હમણાં નવા faculty તરીકે આવ્યા છે- કપિલ ઠક્કર. એટલે મેં એને પૂછ્યું કે CPE લેશો? તો કહે, હા લઈશ. મેં કહ્યું મારી પાસે ‘place of supply’ નો topic ખાલી છે. તો કહે કે ભલે. બે – ત્રણ અઠવાડિયે એનો વારો આવ્યો. તે વખતે Hotel Grand 3Dમાં હતું. તો એણે જે સ્ટાર્ટ કર્યું! તે પણ હિન્દીમાં! બહુ સરસ રીતે. મેં કહ્યું, આ તો યાર જોરદાર કામકાજ છે! એટલે મેં એને કહ્યું કે પછી Branch Level Quiz છે તો Conduct કરશો? તો કહે, હા કરશું. એ અને જીગર એ બંને જણાએ quiz conduct કરી. એ વખતે પણ આ વર્ષના બજેટની જેમ postponed બજેટ હતું. આ બધું મે – જૂનમાં થઇ ગ્યું. પછી મેં ફરીથી કપિલને કહ્યું, હવે એક અલગ વસ્તુ કરીએ, next day finance bill કરવું હોય તો? તો કહે કરીએ. એટલે એ વર્ષથી ચાલુ થયું. અને જિતેન્દ્રને તો કહ્યું એટલે એ ના પાડતો જ નહીં. વસ્તુ મૂળ એ હતી કે ત્યાં સુધીમાં મારામાં એ confidence આવી ગયો હતો, કે interpretation માં આપણે કંઈ બીજાથી બહુ પાછળ હોતા નથી. એટલે હેતુ એ હતો કે આપણે આપણી જાત ને challenge કરી શકીએ કે નહીં.અને એ વસ્તુ basically કપિલ (અને જિગર ઠ્ક્કર) વગર ન થઇ શકી હોત. કારણ કે મારાં કરતાં વધારે હિમ્મત એણે કરવાની હતી. કપિલ અને જિગરની seniority ત્યારે એકાદ વર્ષની હશે, વધીને બે વર્ષની હશે. એટલે એ એક turning point હતો કે આપણે આપણું માથું મુકતા થયા! બહુ તો શું થશે, કે આપણું interpretation ખોટું થશે એતલું જ ને!

*પ્રશ્ન: બ્રાન્ચમાં અત્યારે overall જે અનેક activities થઇ રહી છે,એમાંથી તમને શું લાગે છે હજુ વધુ આ બાબત પર focus હોવું જોઈએ?*
મારા પાસે જે કાંઈ છે તે academics છે. જો academics બાદ કરી નાખો તો તો મારાં existance નો કોઈ સવાલ નથી રહેતો. એટલે મારી તો હંમેશા દલીલ રહી છે, કે બ્રાન્ચની પ્રાથમિકતા academic activity ની હોવી જોઈએ, અને તેવી activity પણ શક્ય હોય ત્યાં સુધી લોકલ મેમ્બર્સનાં participation સાથે હશે તો સાચા અર્થમાં ફાયદાકારક રહેશે. જે

ઉપરની લેવલે નથી થઇ શકતું એ આપણે અહીયાંની લેવલે કરવાનું છે. આપણે મોટી ઇવેન્ટ કરીએ, ફાઈન, સારી વાત છે. પણ આપણું interaction થાય એવું વધારે કરવું જોઈએ. એક arrogance લેખો કે જે ગણો તે, જ્યારે જ્યારે મોટા speaker ને સાંભળ્યા છે, ત્યારપછી એક realisation આવ્યું છે, કે આપણે ૮૦% થી ૯૦% તો જાણતા જ હોઈએ છીએ, બાકીના ૧૦%માં આપણને ખબર ન હોય એવું બને. અને એ ઇવેન્ટમાં જે lacking part જોયો છે, તે એ કે, એ લોકો આપણા questions ને true sense માં સમજી નથી શકતા હોતા જેટલા આપણે આપણા પ્રશ્નને સમજી શકીએ છીએ. એટલે એ સંજોગોમાં એ લોકો જે answer આપે છે એ exact way માં આપણને જે answer જોઈએ છે એ હોતો નથી. આજ બાબત student related activity માટે પણ એટલી જ લાગુ પડે છે.
મારી એક કાયમી ફરીયાદ રહી છે કે સમગ્ર system માં education પરથી ફોકસ હટી ગયું છે. education glorify નથી થતું. આપણે કમ સે કમ બ્રાન્ચ લેવલ પર education ને glorify કરવાનો પ્રયત્ન કરી શકીએ, કરવો જોઈએ. As a society આપણે લોકો વાંચતા ભૂલી ગયા છીએ, વાંચીને સમજતાં ભૂલી ગયા છીએ.

પ્રશ્ન: જ્યારથી તમે *professional life*માં *publically appear* થયા, *first* તમારું *session* કે જે નીતિન સરે કહ્યું, ત્યાંથી લઈને અત્યાર સુધી ત્રણ એવાં *memorable* ઇવેન્ટ / *session* કે તમે એને *cherish* કરો છો કે ના, આપણી *life*ની અંદર ત્રણ વસ્તુ એવી થઇ છે કે કોઈ પણ કે જેનાથી બ્રાંચ ને *success* થઇ હોય ને તમને *satisfaction* મળ્યું હોય?
એવો glorious તો તમે કહો છો એ સેન્સમાં તો ઠીક છે પણ એક તો સૌથી પહેલું જે લેક્ચર હતું એ તો obviously ખાસ હતું. એ લેક્ચર 90 ટકા મેં જયસુખભાઈ અને મહેશભાઇ ના સામે જોઈને આપ્યું હતું! પણ પછી બેંક ઓડીટ, accounting treatment for VAT, બજેટમાં લગભગ બધાં સેશન સારાં હતાં. એવું નથી કે મારાં લેક્ચર્સ કંટાળાજનક નથી ગયાં, ગયાં છે ઘણાં! અને વચ્ચેનો portion એવો હતો કે હું ડાયરેક્ટ CPEપણ conduct ન કરતો. હવે જીએસટી આવ્યો પછી વળી મારી indirect CPE થોડી વધી ગઈ. એક ચેન્જના હિસાબે જુઓને, તો once again દર્શન જ્યારે બ્રાન્ચનો ચેરમેન હતો- 2018-19માં, ત્યારે નોન-ટેકનિકલ સાઈડ પર જે સ્પીકર બન્યો એ હું ત્યારે જન્મ્યો એમ કહી શકાય. Otherwise, હું ટેકનિકલ સાઈડમાં જ બોલતો. નોન ટેકનિકલ સાઈડમાં હું બહુ comfortable ન હતો. એના વખતે બે incidents બન્યા. એક ૭૦ વર્ષથી ઉપરના મેમ્બર્સનું સન્માન કરવાનું હતું એ ઇવેન્ટમાં હું બ્રાન્ચની સાઈડથી બોલ્યો હતો. ત્યારે મને પણ મજા આવી હતી, અને બીજાંઓ એ પણ કહ્યુંકે મજા આવી. પછી એના ને એના tenure માં છ કે આઠ મહિના રહીને શાહિદનો રેન્ક આવ્યો હતો, ત્યારે પણ હું બોલ્યો હતો. ત્યારે મને નોન ટેકનિકલ સાઈડમાં બોલવાની બહુ મજા આવી હતી. ત્યારપછી નોન ટેકનિકલ સાઈડમાં હું તો મજા કરું છું,બધાં હસે પણ છે! (પછી મારી વાતો પર કે મારા પર, એ રાઝ ભલે રાઝ જ રહે!)
સમગ્ર બ્રાન્ચ લેવલની વાત કરીએ તો, કેટલીક નોંધપાત્ર ઇવેન્ટ યાદ આવે છે. પહેલી છે, બ્રાંચ લેવલની ક્વિઝ કોમ્પિટિશન. આપણે ગાંધીધામ બ્રાન્ચનાં કાર્યક્ષેત્રમાં હતા, પહેલે વર્ષે બ્રાન્ચ લેવલ ક્વિઝ આપણે કન્ડક્ટ કરી ચૂક્યા હતા, અને આ બીજા વર્ષની વાત છે. આપણે ગાંધીધામ બ્રાન્ચનાં કાર્યક્ષેત્રમાં હોવાથી પરમિશન લેવી પડે, ઇવેન્ટ hold કરવા માટે. કારણ કે આપણે ગાંધીધામ બ્રાન્ચ વતી hold કરવાના હતા. હવે થયું એવું કે ગમે તે કારણોસર ગાંધીધામ બ્રાન્ચથી પરમિશન આવતાં આવતાં સમય લાગી ગયો, અને ઇવેન્ટ hold કરવાના છેલ્લા દસ જ દિવસ બાકી હતા, ત્યાં ગાંધીધામ બ્રાંચથી પરમિશન આવી. હવે, ક્વિઝ લાંબી હોય, 12 થી 13 ટીમો ભાગ લેતી હોય. આપણે ત્યાં 8 રાઉન્ડ હોય, દરેક રાઉન્ડમાં બે questions. અમે બધી જ 13 ટીમને ફુલ રાઉન્ડ રમાડતા. એલિમિનેશન માટે પણ ફુલ રાઉન્ડ રમાડતા! એટલે નંબર ઓફ questions બહુ ઘણા થઈ જાય, અને તૈયારી ઘણી બધી કરવી પડે. એ વખતે કપિલ સાથે ભાવીને પૂછ્યું કે, બોલો, 10 જ દિવસ છે. થશે? એ બંને લોકોએ ગ્રીન સિગ્નલ આપ્યું કે થઈ જશે! પહોંચી વળાશે. સૌથી મોટો ઈશ્યુ હતો નંબર ઓફ questions નો, કારણકે એ વખતે questions અમે જાતે બનાવતા. ભાવિ ત્યારે એકેડમિક્સ માં ફુલ સ્વિંગમાં હતી એટલે એણે એના રિસોર્સિસ કર્યા, મેં મારા રિસોર્સીસ કર્યા,કપિલે એના રિસોર્સિસ કર્યા. અમે રીતસર મેમ્બરનો કોન્ટેક્ટ કરીને વિષયવાઈઝ પ્રશ્નો ઉઘરાવતા,કે તમે કેટલા પ્રશ્નો આપશો? તમે કેટલા પ્રશ્નો આપશો? ભાવિ અને કપિલના મોબિલાઇઝેશનથી કેટલા આવ્યા એ મને ખબર નથી, 6-8 મેમ્બર મારા મોબિલાઈઝેશનથી પણ આવ્યા હતા, અને અમે 300 થી 350 જેટલાક્વેશ્ચન્સ દસ દિવસમાં તૈયાર કર્યા હતા, જવાબ તપાસી એની પીપીટી તૈયાર કરવાની પુરી મહેનત કપિલે કરી હતી. તે હવે કેટલા બધા લોકો ના સંયુક્તપ્રયત્નોનું પરિણામ હતું! ,અમુકનાં તો નામો પણ યાદ નથી! એક ઉદાહરણ આપું તમને, એક આપણી મેમ્બર છે- ડિમ્પલ મજેઠીયા. ત્યારે તો એ સાવ ફ્રેશ મેમ્બર હતી, એને મેં ફોન કર્યો કે આવું-આવું છે,અને તમે પ્રશ્નો બનાવી આપશો? તો કહે,તમે કહેશો એ subject પર, કહેશો એટલા MCQ બનાવી આપીશ! અને એણે એક કરતાં વધારે સબ્જેક્ટ ઉપર સારી એવી સંખ્યામાં પ્રશ્નો કંટ્રીબ્યુટ કર્યા હતા. તે પણ પાંચથી છ દિવસના ગાળામાં! હવે આવડી બધી જ્યાં collective efforts હોય એ ઇવેન્ટ કેટલી satisfying હશે!

બીજો *initiative* હતો લોકડાઉન સમયે આપણે 'રીડર્સ રિટ્રીટ'નામનું *compilation* બહાર પાડ્યું હતું. મેમ્બરને પોતાને ગમતી બુક, એવું કોઈ પુસ્તક કે જેનો એમના પર સારો પ્રભાવ પડ્યો હોય, એમને ગમ્યું હોય, એ પુસ્તક પર લેખ લખવાનો હતો. મૂળભૂત રીતે દર મહિને એક લેખ રાખવો એ રીતનો પ્લાન હતો. પહેલી સિરીઝ આવી ત્યારે લોકડાઉન આવી ગયું હતું, અને એ દરમિયાન ન્યુઝ લેટરની *continuity* માટે એડવાન્સમાં ત્રણ-ચાર જણને કહી રાખ્યું હતું કે તમે લખજો. થયું એવું કે આ બાજુ લોકડાઉન થયું,અને આ બાજુ જે ચાર-પાંચ જણને કહી રાખ્યું હતું એ બધાના લેખ આવી ગયા, ફટાફટ. એટલે મેં વિચાર્યુંકે,ધારો કે થોડીક મહેનત કરીએ અને *10-15* લેખ લખાઈ જાય તો એક *compilation* બહાર પડે. એટલે જીતુભાઈનેવાત કરી *(*એ ત્યારે ચેરમેન હતા*)*. તેઓ તો મેં આગળ કહ્યું એમ કોઈ વસ્તુમાં ના પાડે જ નહીં*!* એ કહે કે, ટ્રાય કરીએ. નવાઈની વાત એ થઈ કે અમે લગભગ *15* દિવસનો ટાઈમ આપ્યો હતો એ *15* દિવસમાં *21-22* મેમ્બર્સના *23* આર્ટીકલ્સ આવી ગયા, અલગ-અલગ બુક્સ પરના. આખી રેન્જ હતી. ઓબ્વિયસ છે કે સેલ્ફ હેલ્પ પરની બુક્સ પર મેજોરીટી આર્ટીકલ્સ હતા. છતાં પણકનૈયાલાલ મુનશીની એક ગુજરાતી નવલકથા ઉપરસોનાલી અસોડીયાએ લખ્યું હતું. સાયન્સ ફિક્શન પર જેની કૂરીયાએ લખ્યું હતું. ફિલોસોફીકલ 'ધી પાવર ઓફ નાઉ' ઉપર ભાવિએ લખ્યું. એક આત્મકથા પર તિલકભાઈએ લખ્યું હતું. હર્ષ જોશી અને યશ ભીંડેએ નોર્મલ સ્ટ્રેઇન ની નોવેલ પર લખ્યું હતું. આજે આખી વેરાઈટી હતી ને, એ વેરાઈટી જેને ખરેખર રસ હોય વાંચવામાં એના માટે સોનામાં સુગંધ જેવી હતી અને *20-21* જણા જેણે લખ્યું એને તો મજા જ આવી હશે*!* વાંચનારા ને ભલે બહુ એક્સ્પેક્ટ ન કરી શકીએ પણ એક જે વણખેડાયેલો એરિયા હતો એ થયો અને માણસો વાંચે પણ છે એનો ખ્યાલ આવ્યો. અને યશ ભીંડે વિશે મને ખ્યાલ હતો કે એને વાંચનનો બહુ શોખ છે*!* એટલે આ કંપાઈલેશનનો વિચાર જ્યારે મગજમાં આવ્યો ત્યારે પહેલાં મેં એનો જ કોન્ટેક્ટ કર્યો હતો, અને એણે કહ્યું હતું કે એનુંફાઇનલ કંપાઈલેશન હું કરી આપીશ.અને એણે જે કંપાઈલેશનનું ફોર્મેટિંગ કર્યું હતું એ બહુ દિલથી કર્યું હતું. તમે એ પબ્લિકેશન ખોલજો. તમે એખોલશો ત્યાં જ તમને બહુ મજા આવશે*!*

એક વર્ષે ફાઇનાન્સ બીલ વાળી ઇવેન્ટ કરવા માટે ગાંધીધામ બ્રાન્ચ તરફથી *official CPE* ની *permission* ન મળી. ત્યારે જાન્યુઆરીમાં *CA* ફાઇનલમાં સારી એવી સંખ્યામાં સ્ટુડન્ટ્સ પાસ થયા હતા. ત્યારે *unofficial CPE* માં નવા પાસ થયેલા સ્ટુડન્ટ્સ પાસે *Finance Bill* ની પાંચ-પાંચ છ -છ *clause* વહેંચી આપી હતી અને તેમના મારફત ચર્ચા કરાવી હતી. તે સ્ટુડન્ટ્સ પૈકી અત્યારે નિકિત, અભય, શ્વેતાવોરા, રિચા, પ્રિયા અને ફોરમ કારીઆનાં નામ યાદ આવે છે.

એક વખત, લગભગ ભાવિના કાર્યકાળમાં એવું નક્કી કર્યું કે, *Finance Bill* ની *CPE* સાથેજ *Newsletter* નો *Finance Bill Special* અંકપણ *next day* જબહારપાડીદઇએ. તે વખતે ચાર સ્પીકર હતા અને લગભગ આઠેક મેમ્બર અલગ અલગ *clauses* પર આર્ટીકલ લખી આપવાના હતા. બધી રમત ચોવીસ કલાકની હતી, બે વાગ્યા આસપાસ *Finance Bill* ની *text* હાથમાં આવે અને બીજે દિવસે ચાર વાગ્યે *CPE.* તે પહેલાં *Newsletter* નું કન્ટેન્ટ રેડી કરી લેવાનું અને સાત વાગ્યે *newsletter issue* કરવાનો. એ ચોવીસ કલાક દરમ્યાન લગભગ વીસ-પચીસ લોકો એક સાથે એકજ કામ પર લાગેલા હતા.આર્ટીકલ માટે બધાને બીજા દિવસે સવારે સાડાદસની *deadline* આપી હતી અને જેકીલને સ્ટેન્ડબાયમાંરાખ્યો, કે બાર વાગ્યા સુધી જો કોઈ મેમ્બર લેખ ન આપી શકે તો બે કલાકમાં જેકીલે એ *clauses* પર લેખ લખી આપવાનો*!*

એમાં બે-ત્રણ સ્પેશિયલ *commitment* નાં ઉદાહરણ યાદ છે. પ્રતીક વ્યાસના ફાળે એક લેખ હતો. સવારે નવ વાગ્યા આસપાસ એને *just* ફોન કર્યો, તો કહે હું ગાંધીધામ જાઉં છું. મને થયું ચાલો હવે આનો લેખ આવવાની શક્યતા ઓછી. ત્યાં તો સવા દસે એનો ઇમેઇલ આવી ગયો*!* ભાઈ મુસાફરી કરતાં કરતાં લેપટોપ પર લેખ પણ લખતા હતા*!*

બીજો એક લેખ દર્શનાવરુના ભાગે હતો. એના હિસ્સે સેકશન ૧૪૫ના સુધારા હતા, જે બહુ *tricky* હતા અને મને પણ ગિલ્ટ ફીલ થતી હતી કે આને હિસ્સે બહુ અઘરો વિષય આવ્યો. હવે, એ તો જોબ કરે. જોબથી છૂટી ને ઘરે જતાં પહેલાં સાડા આઠે મારા સાથે *clause discuss* કરી ગઈ. સવારે સાડા દસથી ફરી જોબ*!* મને થયું, આ આટલો અઘરો ટોપીક ક્યારે અને કેમ લખશે*!* છતાં, દસ વાગ્યે એનો પણ ઇમેઇલ ઇનબૉક્સમાં પડ્યો હતો*!*

હવે વિચાર કરો, જો આવો ઉત્સાહ અને પ્રતિબદ્ધતા હોય ત્યારે વધારે શું જોઈએ*!*

પ્રશ્ન: તમે જે ટેકનિકલ સાઈડની સાથે સાથે હાસ્ય વ્યંગ કરો છો, એની શરૂઆત ક્યારે થઇ ?

હવે જે હાસ્યની રેન્જ આવીને એ લગભગ દર્શનની જ ચેરમેનશિપમાં. બેંક ઓડિટની સીપીઇ રાખી હતી અને સ્પીકર નક્કી કર્યા હતા બહારના. છેલ્લી મિનિટે સ્પીકર ન આવ્યા અને સીપીઇ કેન્સલ થઈ શકે એવું હતું નહીં. અને એ સમયે સ્પીકર શોધવા પણ તમે ક્યાં જાવ? એટલેઅમે બે સ્પીકર નક્કી કર્યા- એક રમેશભાઈ અને બીજો હું.મેં કીધું આપણે બહુ પ્રેક્ટીકલ લાઈન પર ગયા છીએ. જુઓ,બેન્ક ઓડિટમાં સૌથી મોટું જોખમ શું હોય? તમને પેપર ઉપર કહે કે,સર્વે નંબર ફલાણા ફલાણા વાળી જમીન *Mortgage* છે. અને તમેએ જમીન જોવા જાવ,તો તમને એકને બદલે બીજી જમીન બતાવી દે. એમ અમે તમારી સાથે એ જ કર્યું છે*!*સ્પીકર તરીકે નામ કોઈકનાં, અને નીકળે બીજા*!* કદાચ એ વખતથી મારી *humour* સાઈડ ચાલુ થઈ હશે.

જો *actually* હાસ્યની વાત કરો ને, તો *basically* આખી થીંકીંગ પ્રોસેસ ડેવલપ *reading* થી થાય. 'હાસ્ય, રહસ્ય અને રાજકારણ' -આ ત્રણ વસ્તુથી માણસે વાંચવાનું સ્ટાર્ટ કરવું જોઈએ. આ ત્રણેયમાં મજા આવે. તમને ઇન્ટરેસ્ટ શોધવા ના જવો પડે. તમારો 'સેન્સ ઓફ હ્યુમર સાઈડ'નો માઈન્ડસેટ હોવો જોઈએ. રહસ્ય તો *obvious* છે. રહસ્યમાં તમને ચોપડી પકડી લે, એમાં બીજું બધું મુકાઈ ના જાય એનું ધ્યાન રાખવું પડે. એવું ને એવું હાસ્યમાં છે. તમે જે *holistic approach* કહોછો ને, એ હાસ્ય પૂરો પાડે. હાસ્ય તમારી દ્રષ્ટિ, જોવાનો નજરીયો બદલાવી દે. *'Reading between the lines'* એ *basically* હાસ્ય સાહિત્યની દેન છે. એવું જ રહસ્ય અને રાજકારણનું છે. રાજકારણ તો તમને પ્યોર *hypothesis* ટેસ્ટ શીખવે.રાજકારણનો સૌથી મોટો ફાયદો એ કે,તમે *100* માંથી *90* વખત ખોટા પડો*!* શેર માર્કેટની જેમ*!*ખોટા પડો એટલું જ નહીં પણ ખોટા પડવા પાછળનું કારણ શોધતાં પણ આવડી જાય કે કયા કારણોસર તમે ખોટા પડ્યા.

*પ્રશ્ન:* તમારું કેવું છે કે તમે જે પણ સ્ટુડન્ટ છે કે પ્રોફેશનલ છે એ કોઈ પણ *matter*માં અટક્યો હોય તો એને તમે મદદ કરો છો. તો એ સિલસિલો ક્યારથી ચાલુ થયો*?* અને તમે એ વસ્તુમાં ક્યારથી પોતાની જાતને ઇન્વોલ્વ કરતા થયા, કે મારે જેકોઈ પણ આવે છે એને નિ:સ્વાર્થ ભાવે પૂરેપૂરો ટાઈમ આપી મારાથી બનતું કરી દેવું છે એ વસ્તુની શરૂઆત ક્યારથી થઈ*?*
હવે જુઓ, બે વસ્તુ છે. એક સ્ટુડન્ટ એંગલથી *initiation point* છે, અને એક છે મેમ્બર એંગલનો. મેમ્બર એંગલની વાત કરીએ તો, અમારાં ગ્રુપની વસ્તુ જ એવી હતી કે બધા એકબીજાને હેલ્પ કરતા. જયસુખ બેઝિકલી ચેમ્પિયન. એ અમારો *google* કહેવાતા. કાંઈ પણ હોય તો પહેલાં એને પૂછીએ. એક વખત મારી ઇવેન્ટ હતી *tax audit* ઉપરની. અઢી વાગે મારા ઘરનું બારણું ઠોકાયું.જોયું તો લક્ષ્મીકાંતભાઈ હતા. એમણેમને કહ્યું કે આ એક ચોપડી નીકળીછે, તો તમારું લેક્ચર છે ને, તો તમને ફલાણી જગ્યાએ કામ આવશે. એટલે *Environment* આખું એવું હતું કે *discussion* કરવામાં કોઈને ક્યારેય સંકોચ થતો નહીં,મદદ કરી કે લીધી એવો વિચાર પણ ન આવતો. મેં કોઈ નવી શરૂઆત કરી હોય એવું નથી. *It was a norm with us.* હું તો બસ, પરંપરાનું પાલન કરતો ગયો.
હવે સ્ટુડન્ટ સાઈડમાં વાત કરું તો, *2016*માં અમે મોક ટેસ્ટ *(mock test)* લીધી હતી. ત્યારે ભૂજ બ્રાન્ચનું પહેલું વર્ષ અને બંટીની ચેરમેનશિપ. એટલે *ultimately* પેપર ચેક કોણ કરે*?* એટલે પેપર મેં ચેક કર્યાં. એ વખતે મેં જે લોકોએ મોક ટેસ્ટ આપી હતી એમાંથી છ-સાત જણા સાથે પેપરો લઈને હું વન ટુ વન બધા સાથે બબ્બે ત્રણ ત્રણ કલાક બેઠો હતો. અને પછી તો એક શોખ થઈ ગયો*!* ત્યારથી *evaluated* કોપી આવવાની શરૂ થઈ. એટલે કોઈએ *evaluated* કોપી મંગાવી હોય તો મારા સાથે ચર્ચા કરવા આવે. આ લાઈન ઉપરથી સ્ટુડન્ટ સાથે *interaction* કરવાની શરૂઆત થઈ. મારા પાસે ટાઈમ છે.*Ultimately, It's all about time.*ધારો કે હું એટલો બધો મારા પ્રોફેશનલ એંગેજમેન્ટમંવ્યસ્ત હોત, તો મારી ગમે એટલી ઈચ્છા હોય તો પણ હું સમય ન આપી શક્યો હોત.

*પ્રશ્ન:* બ્રાન્ચમાં જે *newsletter* થાય છે એમાં તો આખેઆખી કરોડરજ્જુ તમે છો. તો એનામાં શું *motive* છે*? newsletter through* શું *communicate* કરવાં માંગો છો*?* તમે કેવી રીતે *motivate* કરો છો લોકોને *article* લખવાં માટે*?* કેમ કે આપણી પાસે લીમીટેડ મેમ્બર્સ છે કે જેથી આપણે *frequently article* મળતાં' રે*?*
જુઓ જે વખતે બ્રાન્ચનું ઓપનિંગ હતું ને એ વખતે ઓપનિંગમાં જે બધું થાય એમાં મેં સુચનકરેલુ કે આપણે એ જ દિવસે ન્યુઝ લેટર બહાર પાડીએ. એ એક એક્ટિવિટી હતી કે જેમાં લોકો પોતાની પર્સનલ કેપેસિટીમાંકૈંક આપી શકે. ઓપનિંગના દિવસે અમે જે ન્યુઝ લેટર બહારપાડ્યો એમાં દસ–પંદર આર્ટીકલ હતા. પછી બંટીના વખતમાં બે-ત્રણ એડિશન બહાર પડી. ભાવિ વખતે સિરિયસલી સ્ટાર્ટ થયું હતું. હેતુ એક જ હતો કે જેમાં બધા પોતાનું ઇનપુટ આપી શકે.મેમ્બર્સનેજરા *motivate* કરવાપડતા, વિષયનુંસૂચનકરવુંપડે, ક્યારેકથોડી *background* સમજાવતી ચર્ચા કરવી પડે. મેં ક્યારેય કોઈના લેખ *edit* નથી કર્યા. લગભગ બધાને શરૂ કર્યા પછી લખવાની મજા જ આવતી. મોટાભાગે એકવાર લખનારે બીજીવાર લેખ આપ્યો જ છે*! Once again* તમે એ પણ જુઓ સાથે કે એને પણ પોતાની *ups & down* સાયકલ હોય છે. છેલ્લા ત્રણ-સાડા ત્રણ વર્ષથી, ન્યુઝ લેટર ઘણો બધો ઠંડો પડી ગયો છે. કારણ કે હવે એક *fatigue factor* મારામાં પણ આવ્યું છે, *ups & down* આવતા રહે. ખાલી મારા પર એ નથી ચાલતું. આ બધી વસ્તુઓ થઈજતી હોય*!* કરાતી ન હોય. હવે ક્યારેક છ મહિના એવા આવે કે આર્ટીકલ આવતા થઈ જાય અને ક્યારેક એવો ટાઈમ આવે કે આર્ટીકલ ન આવે. એમ હવે ઘણી વખત તમારે ટોપીક ગોતીને એને સજેસ્ટ કરવાનો આવે તો ક્યારેક તમે જ ટોપિકમાં થાકી જાઓ. હવે દર્શન વખતે બે સિરીઝ થઈ હતી*:* એક *allied laws*ની સિરીઝ અને *Labyrinth of law.* ત્યારે એક વસ્તુ *pickup* થઇ ગઈ તો થઇ ગઈ*! momentum* પકડાઈ ગયુ*!* ઉપરાંત, ચુનૌતિબહેન જેવાં *Article* નાં *ATM* પણ છે ને*!* જ્યારે લેખ ઘટે ત્યારે ફોન કરવાનો એટલે ચોવીસ કલાક્માં લેખ હાજર*!* આવું જ ભાવિક મહેતા માટે પણ કહી શકાય. *Finance Bill* ની *CPE* કરવા પાછ્ળ જે દલીલ હતી તે જ દલીલ અહીં પણ લાગુ પડે છે.

આ પણ એક એવી બાબત હતી કે જ્યાં તમે *even Big 4* સાથે *'at par'* છો. કારણ કે *finance bill* એ જે વાંચવાના છે એ જ તમે વાંચવાના છો, નથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર આવતું, નથી નેટવર્ક આવતું, નથી સાઈઝ ઓફ ધી ફર્મ આવતું, નથી કોન્ટેક આવતા, કાંઈ નથી આવતું આપણે આ જગ્યાએ આ લોકોના સમકક્ષ છીએ! એવો મેસેજ તમે તમારી જાતને આપી શકો. તેવી જ રીતે તમે લખો છો ત્યારે પણ એટલા જ સ્વતંત્ર છો. *As it goes down*, એ મેસેજ *insignificant* થઇ જાય. એ લોકો એની જગ્યાએ છે, આપણે આપણી જગ્યાએ છીએ, કેટલાક સંજોગોમાં *Choice* થી, કેટલાક સંજોગોમાં *Chance* થી, કેટલાક સંજોગોમાં *compulsion* થી પણ આપણે જ્યાં છીએ ત્યાં છીએ

પ્રશ્ન: બ્રાન્ચ ચાલુ થઇ પછી *GST* માટે જે *rigorous study* થઇ, જે લાઈન *by* લાઈન થયું. ગુજરાતમાં આ વસ્તુ કદાચ ત્રણેક જગ્યાએ થઇ'તી. અમદાવાદ વાળા એ આખા ગુજરાતનાં *professionals*ને બોલાવ્યાં'તા ને લાઈન *by* લાઈન વાંચ્યું'તું, ને બીજું એક ભૂજમાં અને ત્રીજું હજી એક જગ્યા બરોડા સાઈડથઇ'તી પણ એ પ્રાઈવેટ હતી. એનું *motivation* શું હતું? એ તમારાં સાઈડથી *initiative* થઇ'તી એ અમારી જાણકારીમાં છે. ત્યારે છે ને બે *batch* ચાલતી હતી મંગળ ગુરુ શુક્ર અને બીજી શનિ રવિની તમે બેમાં હતા.

અત્યારે હાલત એવી થઈ ગઈ છે કે દરેક આઈડિયામાં હું *face* હોઉં છું એટલે જરૂરી નથી કે *initiator* પણ હું જ છું.ત્યારે પણ ઘણાબધા લોકોનું સુચન હતું કે આપણે *GST Act study* કરવો જોઈએ. *Ultimately* હું એક લિંકિંગ પિન તરીકે મનાતો આવ્યો છું. *popularly* ઈચ્છા હતી કે આમ કરીએ અને હું *face* હતો *I mean* એનું *outward presentation, coordinator* હું હતો એ વાત સાચી.આ પ્રયાસ સફળ તો થવાનો જ હતો અને થયો. એની *quality* લેવલ તો ઘણી ઊંચી ગઈ હજી સુધી *one off incident* જ રહ્યો છે આપણેતેને રીપીટ નથી કરી શક્યા! અફકોર્સ, બીજી એવી ઘટના પણ નથી બની, જીએસટી બહુ  ખાસ ઘટના હતી. અને એમ કહી શકાય કે એ પ્રોસેસ મારફત જ અમને દીપ કોરડીઆ નામની ભેટ મળી.

પ્રશ્ન: તમારી પ્રોફેશનલ લાઈફ, ને પર્સનલ લાઇફ કારણ કે તમે પબ્લિક ડોમેનમાં *(domain)* છો એટલે પ્રોફેશનલ લાઈફ વિથ રિસ્પેક્ટ ટુ યોર વર્ક, યોર ઇન્વોલમેન્ટ વિથ અધર મેમ્બર્સ એન્ડ સ્ટુડન્ટ એન્ડ પર્સનલ લાઇફ એને કેમ મેનેજ કરો છો? અને *spirituality* વિશે તમારું શું માનવું છે?

આમાં મારે બહુ *manage* નથી કરવું પડતું હું રાજેશભાઈસાથે ક્યારેક મજાકકરતો કે તમે લોકો જેટલું *stipend* આપો છો ને એટલી મારી *Gross Receipt* છે!! એટલાબધા મોટા કમિટમેન્ટ ન હોવાના કારણે મને એ સાઇડ માં ખાસ વાંધો નથી આવતો. ઘર અને ઓફિસ સાથે હોવાના કારણે તમે *Odd Time* પર પણ કામ કરી શકો એ પણ ફાયદો ખરો. ઉપરાંત ભાઈ પણ આજ *Profession* માં હોવાના કારણે જરૂર પડે ત્યારે ઘણી બબતોએ પણ સંભાળી લે.

*spirituality* બહુ ઇન્ટરેસ્ટિંગ ટોપીક છે. મારી વાત કરીએ તો ધાર્મિક એવો કે જ્યારે મન થાય ત્યારે ધાર્મિક અને જ્યારે મન ના થાય ત્યારે નહીં! વાંચનમાં *mythology* વાંચી હોય એ સ્વાભાવિક છે, પણ સદભાગ્યે વાર્તાનાં સ્વરૂપમાં. એટલે ધર્મ આધારીત વિચારોમાં *strong feeling* થી બચી ગયો. બાકી ધર્મ અને ફિલોસોફી આમ પરસ્પર જોડાયેલ કહી શકાય, એટલે વાંચન એની આજુબાજુ થયા રાખ્યુ.

*Spiritual* શબ્દ બહુ મોટો છે. એનાસંદર્ભમાં મારું ઘડતર એક *Three Step Rhythmic Breathing* નામના *concept* આજુબાજુ થઇ રહ્યું છે એવું કહી શકું.૨૦૦૭/૦૮ આસપાસ આ સિદ્ધાંત ને લગતી એક નાની પુસ્તિકા મને છાપાંના સ્ટોલ પરથી મળી. આ પદ્ધતિ છે એટલી ખબર તો મને લગભગ ૧૯૯૧-૯૨ આસપાસથી હતી, એના પર કામ કરવાનો ઉપરછલ્લો પ્રયત્ન પણ કર્યો હતો પણ મારી તે ક્ષણ પેલા છાપાં ના સ્ટોલ પર નિયત થયેલ હશે! પછી પણ મેં આ બહુજ નિયમિત રીતે કર્યું હોય એવું પણ નથી! છતાં, અત્યારે મારી વિચારપ્રક્રિયા પર આ પદ્ધતિની અસર હોય એવું મને લાગે છે. આ પદ્ધતિ પર કામકરનાર શ્રી *S.N.Tavariaji* એ બહુ મર્યાદિત પ્રમાણમાં લખ્યું છે પણ એમનાં લખાણ મને એટલાં તર્કસંગત લાગ્યાં છે કે તેના આધારે મારી આખી વિચાર કરવાની પદ્ધતિ બદલાઈ ગઈ હોય એવું મને લાગે છે.

વ્યક્તિત્વ એ અંતે તો વિચાર કરવાની પ્રક્રિયા દ્વારા જ ઘડાય અને વ્યક્ત થાય છે. જે જે બાબત તમારી વિચાર કરવાની પ્રક્રીયા પર અસર કરે તે તે તમારું વ્યક્તિત્વ ઘડે. એક ઉદાહરણ કહું તો પતંજલિ યોગસૂત્રમાં પ્રમાણ એટલે કે *correct knowledge* ની વ્યાખ્યા કરી છે; "પ્રત્યક્ષ, અનુમાન અને આગમ". હવે આનું પ્રચલિત અર્થઘટન એવું કરાય છે કે *Correct Knowledge* ના ત્રણ *Source* છેઃ તમે જે બાબત નજરે જુઓ તે (પ્રત્યક્ષ), તમે કંઇ જુઓ તેના આધારે કંઇક અનુમાન કરો તે (દાખલા તરીકે ધુમાડો જોઈને આગનું અનુમાન) અને ત્રીજો સોર્સ કોઇ (સિધ્ધ વ્યક્તિ) એ કહ્યું હોય કે કશે લખ્યું હોય (આગમ) તેને *Correct Knowledge* તરીકે સ્વીકારી લો! (આ ત્રીજી વાત સૌથી વધારે જોખમી છે)

હવે આ જ સૂત્રનું વિવેચન તાવરિયાજી એક પ્રોસેસ તરીકે કરે છે; કહે છે કે *correct knowledge is correct perception, correct deduction and correct witness.* તમે કશું જુઓ છો, પછી જે જોયું તેના વિશે

કોઇકધારણા બાંધો છો કે નિષ્કર્ષ *(to deduce means to arrive at a conclusion)* કાઢો છો અને પછી તમારી ધારણા કે નિષ્કર્ષને ઉપલબ્ધ પુરાવા સાથે ચકાસો છો. આ ત્રણ પગલાં પસાર કરી શકે તે બાબત જ *correct knowledge* કહેવાય. આ અને આવી બાબતોનાં કારણે મારી વિચારપ્રક્રીયા પર *S.N. Tavariaji* નો પ્રભાવ વધતો ગયો. *knowledge* આપણાં વ્યક્તિત્વ અને વ્યવસાયનો પાયો છે એમાં ખાસ કોઇ વિવાદ કરી શકાય એવું નથી. તેથી આપણે *knowledge* ને પ્રક્રીયા *(Process)* તરીકે નહીં પણ એક વસ્તુ *(Object)* તરીકે જોઈને કેટલો મોટો *Self Goal* કરી બેસીએ છીએ! *We conveniently forget that acquisition of knowledge requires an active participation in a process, it is not something that can be borrowed, bought or brought.*

પ્રશ્ન: હવે આ જે બધી વસ્તુ તમે કીધી એ તમને કાયદાને પણ *interpret* કરવામાં ઉપયોગી થાય છે ?
*Obviously.* તમને જયારે ખ્યાલ આવે કે વસ્તુઓનું *misinterpretation* થાય છે ત્યારે તમને *interpretation*નું મહત્વ સમજાય. *Once you are "aware" that you are likely to misinterpret, the chances of misinterpretation come down substantially. It is all about being aware. By being aware, you will be in a perpetual state of "doubt" and that doubt can help you in avoiding misinterpretation.*સાદુ ઉદહરણ જોઇએ તો ગીતામાં એક ઉલ્લેખ છે "યોગ: કર્મસુ કૌશલમ". તેનો *popular meaning* શુંકરાય છે? કે ગમે તે કાર્યમાં કુશળતા મેળવવી એ યોગ છે. દા.ત. તમે બૂટને પોલિશ કરતાં હો અને તમે તેને શ્રેષ્ઠ રીતે કરો હો તો એ યોગ છે. હવે તમે જો ભગવદ્ ગીતામાં જઈને એનું *sequence* જોશો તો એ *sequence* માં એ અર્થ નથી બેસતો. મેં ક્યારેક ક્યારેક *MCS*ના બેચ લીધા છે ત્યારે એક એક્સરસાઇઝ કરાવી છે કે તમે એક પેરેગ્રાફ લ્યો અને પછી એ પેરેગ્રાફને *rephrase* કરો. *copy* ના કરો, પણ એ શું કહેવા માંગે છે એ તમારા શબ્દોમાંલખો. પછી *compare* કરોઓરીજનલ પેરેગ્રાફ અને તમારો પેરેગ્રાફ. એવું શું છે જે મૂળ પેરેગ્રાફમાં હતું ને તમારા પેરેગ્રાફમાં નથી અને એવું શું છે જે તમારા પેરેગ્રાફમાં છે અને મૂળ પેરેગ્રાફમાં નથી. ઘણી બધી જગ્યાએ આપણે જ્યારે શરુ કરીએ છીએ ત્યારે બરાબર જગ્યાએ થી શરુ કરીએ છીએ. પછી આપણે અભાનતાથી તેમાં આપણી વાત નાખી દઈએ છીએ અને મૂળ વાતથી ભટકી જઈએ છીએ. તમે જે આ કહો છો તે એ એક્ઝેટલી આમાં કઈ જગ્યાએ લખેલું છે એવું પૂછવામાં આવે તો એ જગ્યા તમને નહીં મળે. તમે આને *interpretation* કહો, *study* કહો, જે ગણવું હોય તે, *Interpretation* ના પાયામાં આ સ્કીલ રહેલી છે, એક,મુળ *Topic* થી ભટકી ન જાવ અને બીજી *to be in perpetual state of doubt!* હું ખોટું અર્થઘટન કરી શકું છું એ શંકા, હું જેને સાંભળી કે વાંચી રહ્યો છું એ પણ ખોટું અર્થઘટન કરી શકે છે એ શંકા! પછી *background* માં સતત *"Perception, Deduction, Evidence* ની *cyclical process* ચાલ્યા કરે. ત્યારે *Interpretation* સુધરતું જાય. અને આ પ્રોસેસ થી મેળવેલ *interpretation* નું *expression* પણ સચોટ હોવાની શક્યતા વધતી જાયએમમાનીશકાય

પ્રશ્ન: સલાહ આપવાની આગળ જ તમે નાં પાડી છે, છતાં પણ *sum up* કરીએ ત્યારે કોઈ સલાહ આપશો?
*Respect your environment. Once you begin to respect things around you,* એક તબક્કે એવું લાગવા માંડશે કે આખી દુનિયા તમને મદદ કરી રહી છે. આપણી પરિસ્થિતિ માટે આપણા નિર્ણયો જવાબદાર છે અને આપણા નિર્ણયો આપણે પસંદગી કરીને લીધા છે. એટલું જો આપણે પોતાની જાતને *convince* કરી શકીએ તો ફરીયાદ કરવા માટે ખાસ કોઈ અવકાશ રહેશે નહીં. અને ફરીયાદ નહીં હોય તો તકલીફ પણ નહીં અનુભવાય!
સિગારેટનાં પેકેટ પર હોય એવી એક ચેતવણી પણ છેલ્લે આપી દેવી જોઈએ.
ઉપર તમે મારા સંદર્ભ માં જે કંઇ વાંચ્યું તેમાંથી કોઈ ગહન અર્થ કાઢવાનો પ્રયત્ન કરવાની જરૂર નથી. એક જગ્યાએ વાચ્યું હતું કે દરેક બાબતમાંથી બોધ ગ્રહણ કરવા પ્રયત્ન કરવોએ વાજબી નથી, તેમ કરતાં મૂળ વાતનો સંદર્ભ ચૂકી જવાનો ભય રહે છે. કોઇપણ વાત કે વિચારમાં બોધ કે ઉપદેશના તેલ મસાલા નાખીએ તો તેનાં મૂળ પોષકતત્વનો નાશ થઇ જવાનું જોખમ રહે છે
સામાન્ય રીતે માણસોમાં ગુણ આપણે આરોપી કરતા હોઈએ છીએ, તમે પહેલાં કોઇથી *associate* થાવ પછી જો તમને તે વ્યક્તિ સાથે ફાવી જાય અને તમે તેને કોઈ એક લેવલે *hold* કરતા થઈ જાવ એટલે પછી તમે જે-જે ગુણોને આદર્શ માનતા હો અથવા તમારામાં જે-જે ગુણ *missing* માનતા હો એ ગુણ તમે તે વ્યક્તિમાં આરોપિત કરો છો. ભગવાનનું પણ એવું જ છે! ભગવાન એટલે આપણે જે-જે વસ્તુ નથી કરી શકતા એ આપણે ભગવાનમાં આરોપિત કરવા પ્રયત્ન કરીએ છીએ. જો તમે મારી બાજુ આવીને જોશો, મારો કબાટ કે મારું *Drawer* ખોલીને જોશો તો તમે માનો છો તેના કરતાં હું અલગ પણ હોઈ શકું.બસ, આટલું ધ્યાનમાં રાખી આ વાંચેલું બધું ભૂલી જવાનું, બસ.. આવતા અંકે કોઇ બીજા મેમ્બર ની વાત વાંચવા ની તૈયારી કરવાની!

# GST Updates – Notifications, Circulars, Order, Instructions, RoDs, Press Releases for the Month of April 2024

-CA Deep Koradia B.Com., FCA, DISA(ICAI)

| Sr No | Notification No | Category | Date | Description | Keyword / Reference/ Comment | Link |
|---|---|---|---|---|---|---|
| 1 | 07/2024 | Central Tax | 08-04-2024 | Seeks to provide waiver of interest for specified registered persons for specified tax periods. | 4 GSTINs were given Interest relief to NIL due to 3B not filled due to Technical Glitches | Click here |
| 2 | 08/2024 | Central Tax | 10-04-2024 | Seeks to extend the timeline for implementation of Notification No. 04/2024-CT dated 05.01.2024 from 1st April, 2024 to 15th May, 2024 | Special procedure for person engaged in PAN Masala, Tobacco Industry etc. has been extended w.e.f. 15-05-2024 | Click Here |
| 3 | 09/2024 | Central Tax | 12-04-2024 | Seeks to extend the due date for filing of FORM GSTR-1, for the month of March 2024 | GSTR-1 for the month of Mar24 has been extended to 12-04-2024 | Click Here |

# DUE DATES CALENDAR

| DATE | COMPLIANCE |
|---|---|
| 7th May 2024 | TDS Payment for April 2024 |
| 10th May 2024 | Professional Tax (PT) on Salaries for April 2024 |
| 11th May 2024 | GSTR 1 (Monthly) for April 2024 |
| 13th May 2024 | GSTR 1 IFF (Optional) (Apr 2024) for QRMP |
| 15th May 2024 | TCS Return in Form 27EQ for Jan-Mar 2024 Quarter |
| 15th May 2024 | Provident Fund (PF) & ESI Returns Payment for April 2024 |
| 15th May 2024 | Filing of LLP BEN-2 and Form No. 4D |
| 20th May 2024 | GSTR 3B for April 2024 (Monthly) |
| 25th May 2024 | GST Challan Payment if no sufficient ITC for Apr 2024 (for all Quarterly Filers) |
| 30th May 2024 | Form 11 for FY 2023-24 for LLP's |
| 30th May 2024 | TDS Payment in Form 26QB (Property), 26QC (Rent), 26QD (Contractor Payments), 26QE (Crypto Assets) for Apr 2024 |
| 30th May 2024 | Issue of TCS Certificates in Form 27D for Jan to March 2024 |
| 31th May 2024 | TDS Return in Form 24Q, 26Q, and 27Q for Jan-Mar 2024 |
| 31th May 2024 | Due date for furnishing of statement u/s 285BA For FY 2023-24 (For Banks etc.) |

# PHOTO GALLERY OF BRANCH EVENTS

## CPE Seminar












## SEMINAR FOR CA STUDENTS






## FULL DAY GST WORKSHOP
















# ALL ABOUT ONLINE QUIZ CONTEST

**Q1)** GST is to be payable at the time of Advance Receipt on....
**A1)** b. Advance Received for Supply of Services

**Q2)** Which Schedule to the Section 7 consist of transaction treated neither Supply of Goods Nor Supply of Services?
**A2)** b. Schedule III

**Q3)** Supply Includes...
**A3)** d. All of the Above

**Q4)** Incase Tax payer Shifts his registration from Composition to Normal Tax payer, Following ITC is entitled to be claimed
**A4)** d. A & B both

**Q5)** Appeals under GST is to be filled within
**A5)** b. 3 Months

**Q6)** Can a member in practice respond to tenders, advertisements, and circulars?
**A6)** c. Yes, a member in practice can respond to tenders, advertisements, and circulars as per Guidelines.

**Q7)** Whether the word "Chartered Accountants" and the name of the city can be mentioned by members in their articles published in the Institute's Journal?
**A7)** a. Yes, members can mention the word "Chartered Accountants" and name of the city in their articles published in the Institute's Journal.

**Q8)** Provisions of Responding to Non-Compliance with Laws and Regulations (NOCLAR) apply to?
**A8)** b. Senior professional accountants who are employees of the listed entities

**Q9)** What is the threshold percentage of gross annual professional fees (i.e. limit beyond which there will be threats) received for an audit client which is not a public interest entity?
**A9)** a. 20%

**Q10)** Can a Chartered Accountant in practice give the date of setting up the practice or date of establishment on the letterheads and other professional documents, etc. ?
**A10)** a. Yes, a member in practice may do so

And the winner for this quiz is, **CA Mrudang Vaishnav.**